RESEARCH REVIEW JOURNALS
Volume-05
Issue-04
April -2020

ISSN: 2455-3085 (Online)
RESEARCH REVIEW International Journal of Multidisciplinary
www.rrjournals.com[Peer Reviewed Journal]

# જયપ્રકાશ નારાયણ અને સર્વોદય

ભરતકુમાર વિરસંગભાઈ ચૌધરી
પીએચ.ડી. સ્કોલર, ઈતિહાસ વિભાગ, સરદાર પટેલ યુનીવર્સીટી, વલ્લભવિદ્યાનગર

---

'સર્વોદય' હજી એક સદી પહેલાં ઉદભવેલો એક નવો શબ્દ છે. પ્રાચીન સાહિત્યમાં તે કોઈક ને કોઈક સંદર્ભમાં વપરાયો હશે, પરંતુ આજે જે રીતે તે એક જીવનની ફિલસૂફીના અર્થમાં, એક ચોક્કસ વિચારધારાના અર્થમાં પ્રચલિત છે, એવો તેનો ઉપયોગ તો હજી માત્ર એક સદી જ જૂનો છે.[૧]

મહાત્મા ગાંધીજીને દક્ષિણ આફ્રિકામાં જહોનિસબર્ગથી નાતાલની મુસાફરી દરમ્યાન ઈ.સ.૧૯૦૪માં એમના મિત્ર મિ.પોલાક એક પુસ્તક આપી કહે છે : "આ પુસ્તક રસ્તામાં વાંચી શકાય એવું છે, તે વાંચી જજો, તમને ગમશે." એમ કહીને ગાંધીજીના હાથમાં મૂકેલું. ગાંધીજી લખે છે : "આ પુસ્તકના લીધા પછી હું છોડી જ ન શક્યો. તેણે મને પકડી જ લીધો.... આખી રાત ઊંઘ ન આવી. પુસ્તકમાં સૂચવેલા વિચારો અમલમાં મૂકવાનો ઈરાદો કર્યો." [૨] પરંતુ એ માત્ર ઈરાદો જ ન રહ્યો, એ પુસ્તકે ગાંધીજીના જીવનમાં તત્કાળ મહત્વનો રચનાત્મક ફરફાર કરાવ્યો. ગાંધીજીના શબ્દોમાં કહીએ તો : "આ પુસ્તક વાંચીને એક જ રાતમાં વકીલ ને નગરવાસીઓમાંથી, ડરબનથી દૂર અને નજીકમાં નજીકના રેલ્વે સ્ટેશનથી ત્રણ માઈલ છેટે આવેલા એક ખેતર ઉપર વસતા ગામડિયામાં મારું રૂપાંતર થયું." [3] ગાંધીજીના હૃદય અને માનસ પર પ્રભાવ પાડનાર પુસ્તક હતું : 'અન ટુ ધિસ લાસ્ટ' ( Unto this Last) અને તેના લેખક હતા જ્હોન રસ્કિન. ૧૯૦૪માં વાંચેલ આ પુસ્તકનો ૧૯૦૮માં ગાંધીજી 'સર્વોદય' નામની પુસ્તિકામાં ભાવાનુવાદ આપે છે.

તૂફાનનો પ્રયોગ અધુરો છૂટી ગયો. આંદોલનનું વાતાવરણ વેરાઈ ગયું હતું. વિનોબા આંદોલનના પ્રત્યક્ષ કામથી નિવૃત્ત થઈ ચૂક્યા હતા. વિનોબાના ક્રાંતિકારી અભિગમને કોઈએ તંતોતંત ઝીલ્યો હોય , તો તે જયપ્રકાશે. ગાંધીનું જ અધૂરું યુગકાર્ય આ રીતે આગળ ધપી રહ્યું છે , એવી એમને પ્રતીતિ થઈ ગઈ હતી. જયપ્રકાશને પાકી ખાતરી થઈ ગઈ હતી કે ગાંધીના જીવનકાળ દરમ્યાન જે નહોતું થઈ શક્યું તે વિનોબા હવે કરી રહ્યા છે.

જયપ્રકાશનો જન્મ ૧૧મી ઓક્ટોબર , ૧૯૦૨માં બિહારના સિતાબદિયારા ગામમાં થયો હતો. તેમનું બાળપણનું નામ બઉલ (એટલે બોખો) હતું. માતાનું નામ કુલરાણી તથા પિતાનું નામ હરસુદયાલ હતું. ૨૦ વર્ષની વયે અમેરિકા ભણવા ગયેલા. મુડીવાદી લોકશાહી દેશ અમેરિકામાં ભણતાં-ભણતાં એ માર્કસવાદી બની ગયા. ભારત આવીને તેઓ સામ્યવાદીઓ સાથે ન જોડાતાં પંડિત નહેરુના નિમંત્રણથી કોંગ્રેસમાં જોડાયા , પરંતુ માકર્સવાદે એમના મનનો બરાબર કબજો લીધો હતો એટલે એમણે કોંગ્રેસમાં જ સમાજવાદી પાંખ ઊભી કરી. જેમાંથી આગળ જતાં અલગ એવો સમાજવાદી પક્ષ બન્યો. ત્યારબાદ તેમણે ભારતની આઝાદીની ચળવળમાં પણ નોંધપાત્ર પ્રદાન કર્યું. એ કાળે , ગાંધીજીના સ્વાવલંબનની અને ચરખાની ઠેકડી ઉડાડનાર જયપ્રકાશજીને ધીરે ધીરે ગાંધીજીના આર્થિક વિચારોનું પણ આકર્ષણ થવા લાગ્યું હતું. જયપ્રકાશ ધીમી પણ મક્કમ ગતિથી ક્રાંતિકારી માકર્સવાદ તરફથી પાછા વળી અધ્યાત્મમૂલક ગાંધીવાદ તરફ આગળ વધી રહ્યા હતા.

બે ઘટનાઓએ જયપ્રકાશના ચિત્ત પર ભારે અસર કરી : એક હિંદને મળેલ આઝાદી અને બીજી ગાંધીજીની હત્યા. જયપ્રકાશ નારાયણને હતું કે સશસ્ત્ર ક્રાંતિ વિના સ્વરાજ ન મળે. જ્યારે તેમણે જોયું કે અહિંસક ઢબે દેશ આખાની જનતાને સાથે લઈ ગાંધીજીએ લોહીની નદીઓ વહાવ્યા વિના સ્વરાજ મેળવી આપ્યું. આ બનાવે તેમના ચિંતનની દિશા જ બદલી નાખી. બીજી બાજુ ગાંધીજીની હત્યા એમને હલાવી ગઈ. ગાંધીજીના જીવનકાળ દરમિયાન બાપુની જે સીધી એમના ઉપર નહોતી થઈ તે મૃત્યુ પછી થઈ. દેશના નેતાઓનું બદલાયેલું વલણ. કોમી દાવાનળ, હિંસાનું ભીષણ તાંડવ, ગાંધીજીનું બલીદાન આ બધાથી ક્ષુબ્ધ થયેલા જયપ્રકાશજીનું આંતરમંથન તીવ્રતાથી ચાલતું હતું.[૪]

શરૂમાં તો જયપ્રકાશજીને લાગ્યું કે આમ દાનમાં જમીન મેળવીને ભૂમિ સમસ્યા ઉકેલવામાં તો વરસો વીતી જાય. પણ ભૂદાન આંદોલન જે ગતિથી આગળ ચાલ્યું તેથી એ પ્રભાવિત થયા. પોતાની આત્મશુદ્ધિ કરવાની અંતઃસ્ફુરણા થતાં એમણે પૂનામાં ૨૧ દિવસના ઉપવાસ કર્યો. પૂનાના ઉપવાસ પછી એ બિહાર ગયા. ત્યાં ભૂદાન આંદોલન જોરમાં ચાલતું હતું. તેમણે એમાં ઝંપલાવ્યું એક અઠવાડિયામાં જ એમને ૭૦૦૦ એકર જમીન દાનમાં મળી. એમણે પોતે પણ પોતાની જમીનનું ભૂદાન કર્યું. જયપ્રકાશજી હવે સમાજવાદી પક્ષ અને મજૂર પ્રવૃત્તિથી ધીમે ધીમે આગળ થતા થતા ભૂદાન ગ્રામદાનની અહિંસક ક્રાંતિમાં ઊંડા ઊતરતા જતા હતા. 'સર્વોદય મેનિફેસ્ટો' તરીકે ઓળખાયેલ વિનોબાજીનું ચાંડીલના સર્વોદય સંમેલનનું પ્રવચન સાંભળીને તો એમણે જાહેરમાં એકરાર કરી દીધો કે , "હવે મારા બધા જ સંશયોનો અંત આવી ગયો છે અને હું મને વિનોબાનો

RRIJM 2015, All Rights Reserved

શિષ્ય કહેવડાવા તૈયાર છું." તેમણે કહેલું કે, "સર્વોદયમાં બધા સારું સારું બોલનારા હોય છે એવા ભ્રમમાં ન રહેશો. મારા પૂરતી વાત કરું તો મેં ભ્રષ્ટાચાર , ગેરવહીવટ, કાળાંબજાર, નફાખોરી, સંઘરાખોરી સામે લડી લેવાનો, ખરા અર્થમાં જનતાનું રાજ , જનતાની લોકશાહી માટે લડી લેવાનો નિશ્ચય કર્યો છે." પટણામાં થયેલી વિદ્યાર્થીઓની મોટી સભામાં તેમને 'લોકનાયક' નું બિરુદ મળ્યું હતું.

થોડા મહિનાઓ બાદ પટણામાં એક ભવ્ય કૂચ યોજાઈ. સરકારે થોકે ઉમટેલા આ લોકોને આવતા રોકવા તેનાથી થાય તે બધા જ પ્રયત્નો કર્યો. ૫૮ ટ્રેનો બંધ કરી , સ્ટીમરો રદ કરી, નૌકાઓ ડુબાડી , બસો કેન્સલ કરી. ભાડૂતી માણસો દ્વારા જયપ્રકાશ અમેરિકાના દલાલ છે એવી નારાબાજી કરાવી. આમ છતાં જયપ્રકાશ (જે.પી.) નો નારો લોકોએ ઝીલી લીધો :"હમલા ચાહે જૈસા હોગા, હાથ હમારા નહીં ઉઠેગા, નહીં ઉઠેગા." સરકાર તરફથી લોકોના આંદોલનને અને વિદ્યાર્થીઓના સત્યાગ્રહને કચડી નાખવા માટે ઘણા પ્રયત્નો થયા. ઈન્દિરાજીએ ન તો વિધાનસભાનું વિસર્જન કર્યું કે ન વિદ્યાર્થીઓની માગણીઓનો સ્વીકાર કર્યો. જો કે આંદોલન તો ચાલું જ રહ્યું. હા , તેનું સ્વરુપ બદલાયું. ગામે ગામ જનસંઘર્ષ સમિતિઓ રચાવા લાગી અને શાળા-કોલેજમાં છાત્ર સંઘર્ષ વાહિની બનવા લાગી. જે.પી. નો ઉદ્દેશ્ય આંદોલનને પક્ષ મુક્ત રાખવાનો હતો. તે સમજાવતાં કહે, "હું તો ઈન્દિરાજી અને કોંગ્રેસ પણ આ લોકઆંદોલનમાં ભળે એમ ઈચ્છું છું , કારણ કે સંપૂર્ણ ક્રાંતિના આંદોલનને સત્તા પરિવર્તનમાં રસ નથી, પણ સમાજ પરિવર્તનમાં રસ છે."

૧૨ જૂન , ૧૯૭૫, અલ્હાબાદ હાઈકોર્ટે ઈન્દિરાજીને ચુંટણીઓ ભ્રષ્ટાચાર આચરવા બદલ ગુનેગાર ઠેરવી એમની ચૂંટણી રદબાતલ ઠેરવી. ઈન્દિરાજીએ ૨૬ મી જૂન , ૧૯૭૫ ના રોજ દેશમાં 'કટોકટી' જાહેર કરી દીધી. ૨૬મીએ વહેલી સવારે જે.પી. ને અટકમાં લઈ લીધા. સાડા ચાર મહિના તેમને એકાંતવાસની આકરી સજા કરી. જેમણે જીવનભર દેશ માટે મન અને કાયા ઘસી નાખ્યાં હતાં, ગુનો હતો તો એટલો જ તે કે તેમણે જનતાને જગાડવાનું અને તેની સર્વોપરીતા સિદ્ધ કરવાનું કામ કર્યું હતું, પણ જે.પી. એમ હારી જાય એવી માટીના નહોતા. જાન્યુઆરી, ૧૯૭૭માં ઈન્દિરાજીએ દેશમાં ચૂંટણી જાહેર કરી ત્યારે જે.પી. એ કહ્યું કે જો બધા જ વિરોધી પક્ષો એક થઈને ચૂંટણી નહીં લડે તો હું કોઈના માટે ચૂંટણી પ્રચાર નહીં કરું. આની અસર થઈ અને 'જનતા-મોરચો' વિજયી થયો. આનું શ્રેય જે.પી. તે જાય છે , પણ આ નિરાભિમાની આદમી તો એમ જ કહેતો રહ્યો કે , "આનું શ્રેય જનતાને જ જાય છે ; અને બીજી બાજુ ગાંધીજીને, જેમણે આપણને શાંતિમય ક્રાંતિનો માર્ગ શોધી આપ્યો છે." જીવનના છેલ્લા દિવસોમાં નવી સરકારની નીતિરીતિથી એ ઘણા દુઃખી હતા, પણ હવે શરીર-મનની મર્યાદા આવી ગઈ હતી. ૭ મી ઓક્ટોબર , ૧૯૭૯ ના રોજ જે.પી. ને પેટમાં દુખાવો ઉપડ્યો. શ્વાસ લેતાં તકલીફ થવા લાગી. ૮મી એ સવારે એમનું અવસાન થયું.[૫]

ખરેખર 'સર્વોદય'ના ખેડાણમાં જયપ્રકાશે અમૂલો ફાળો આપ્યો હતો. વાસ્તવિકતા એ છે કે વિનોબા કથિત 'ત્રીજી શક્તિ'ના નિર્માણ માટે એમણે 'સર્વોદય' ને જીવનદાન આપેલું. જે.પી. ના આંદોલન દરમ્યાન જે લોકશક્તિ ઊભી થઈ, તેનાથી નિરંકુશ બનેલી રાજ્યસત્તાને પલટી શકાઈ. તેથી કેટલાકે કહ્યું કે, સર્વોદયમાં તખ્ત પલટાવવાનીયે શક્તિ છે, તેનું દર્શન થયું અને આને લીધે સર્વોદય ઉપરની આસ્થા વધી. પોતાના જીવનના છેલ્લા ત્રણ-ચાર વરસમાં જે.પી. વારંવાર કહેતા રહ્યા : "મારા મૂળ ઉદેશ્યમાં કશો ફરક પડ્યો નથી... સંપૂર્ણ ક્રાંતિની મારી કલ્પનામાં ગ્રામસ્વરાજનો વિચાર પણ નિહીત હતો અને છે.... આપણી ગ્રામસ્વરાજની વાત આજેય એટલી જ પ્રસ્તુત છે."[૬]

આમ, સર્વોદય વિચારધારાનો ઉદ્દભવ એકસો દસ વરસ પહેલાં જ થયેલો છે. ગાંધીજી, વિનોબા ભાવે, જયપ્રકાશ નારાયણ તથા સમયાંતરે તેમની સાથે જોડાયેલા અસંખ્ય કાર્યકર્તાઓએ 'સર્વોદય'ના વિકાસમાં નોંધપાત્ર પ્રદાન કર્યું છે. આટલા વરસોની વિકાસયાત્રાનું વિહંગાવલોકન કરતાં 'સર્વોદય' ના મુખ્ય તત્ત્વો અને સિદ્ધાંતો નીચે મુજબ તારવી શકાય –

(૧) હવે હિંસાનો યુગ પૂરો થઈને અહિંસાનો યુગ આરંભાય છે. અન્યાય, ઉત્પીડન ગુલામી વગેરેનો પ્રતિકાર અને તેમાંથી સપૂચી મુક્તિ હિંસા મારફત હરગીજ નહીં થઈ શકે, તેના માટે માણસ હવે અહિંસાનો માર્ગ અપનાવશે.

(૨) હિંસાથી કોઈ સમસ્યાનો ઉકેલ નહીં આવે. સારાં પરિણામ લાવવા માટે સારાં જ સાધનો જોઈએ. અશુદ્ધ સાધનોથી અનિષ્ટ પરિણામ જ નીપજશે. સાધ્ય-સાધનની એકરૂપતા અનિવાર્ય છે.

(3) સત્યાગ્રહ આવું એક શુદ્ધ સાધન છે. તે આત્મબળ કે પ્રેમબળ ઉપર આધારિત છે. તે શસ્ત્રબળ કરતાં ક્યાંય વધારે કારગર છે. સત્યાગ્રહ માટે સત્યનું સેવન, આચરણ અનિવાર્ય છે.

(૪) સ્વરાજ મેળવવા માણસ અહિંસાનો માર્ગ અપનાવશે. તેમ મુક્તને સ્વતંત્ર થઈ ગયેલો માણસ પોતાનો વિકાસ પણ કોઈના શોષણરૂપી અને કોઈના ઉપરના શાસનરૂપી અને હિંસા મારફત પણ નહીં જ કરે. તેના માટે એ આત્મ-ઉન્નતિનો અહિંસક નવતર માર્ગ આપનાવશે.

(૫) સ્વ + રાજ. સ્વરાજ તે આપણા આત્માનું રાજ છે. એટલે કે સ્વ-શાસન, આત્મશાસન, મનુષ્યનું પોતાના ઉપર પોતાનું રાજ, એ જ છે સ્વરાજ.

(૬) આવું સ્વરાજ સર્વ માટે મેળવવાનું છે. 'સ્વ' ની નહીં, 'સર્વ' ની ફિલસૂફી જ આપણને હિંસામાંથી ઉગારી શકશે. માટે વધારેનું સુખ અને તે માટે થોડાને સહન કરવું પડે તોયે

વાંધો નહીં – એવું નહીં જ સર્વનું કલ્યાણ, સર્વનો ઉદય, 'સર્વોદય'

(૭) આવા સ્વરાજની કામના કરનારો માણસ કેવળ શરીર સુખમાં જ ડૂબકાં નહીં ખાતો રહે. ભૌતિકવાદી સુખ-સગવડમાં જ રચ્યા રહેવાને બદલે એ જીવનનાં ઉચ્ચ સાધ્યો માટે પણ પુરુષાર્થ કરતો રહેશે. ભોગની મર્યાદા માનવી જ રહી. શરીર-સુખમાં જ સાર્થકય માનવું એ નાદાનિયતની, અપરિપક્વતાની નિશાની છે.

(૮) સહુના ભલાની કામના કરતો માણસ 'ગળાકાપ હરિફાઈ' ને બદલે 'સહયોગ' ને સમાજજીવનનો આધારભૂત સિદ્ધાંત માનશે. સ્વસ્થ ને પરિપક્વ સમાજમાં સહુ પોતપોતાનું કર્તવ્ય બજાવતું હોય અને સમુચિત વળતર મેળવતું હોય. લોકોને લુંટવાના ધંધા ન હોય. એવા ધંધાને પ્રોત્સાહન ન અપાય.

(૯) સહયોગની શરૂઆત પોતાના પડોશીથી. તેમાંથી 'સ્વદેશી' સિદ્ધાંત નિષ્પન્ન થાય છે. સ્વદેશીનું વર્તુળ ગામથી લઈને વધું મોટું, તેનાથી વધું, તેનાથી વધું, એમ મોટું ને મોટું થતું જશે.

(૧૦) પૈસો એનો પરમેશ્વર ન થઈ શકે. નીતિ, ધર્મ, ઈશ્વરનિષ્ઠાના પાયા ઉપર જ સર્વોદય સમાજ ઉભો થઈ શકશે. અર્થવ્યવસ્થા, સમાજવ્યવસ્થા, રાજ્યવ્યવસ્થા, બધામાં નીતિ-ધર્મ જ મુખ્ય કસોટી રહેશે.

(૧૧) ધનના લોભને કારણે યંત્રોની પાછળ પડવું મહાપાપ છે. માણસને સખત મજૂરી કે નીરસ કામની વેઠમાંથી બચાવાયો છે. એવા માનવપ્રેમીથી પ્રેરિત થઈને બનાવેલું યંત્ર જ કલ્યાણકારી થશે. બાકી માણસનાં અંગોને કામના અભાવમાં જડ તેમજ નિરુપયોગી બનાવી મુકનારાં યંત્રો ન ખપે. યંત્રોની ઘેલછા ન હોય. યંત્ર માણસની કાંધ ઉપર ન ચઢી જાય, યંત્રને માણસ વિવેકપૂર્વક માનવજાતના કલ્યાણ માટે પ્રયોજે.

(૧૨) શહેરીકરણથી માણસનું કલ્યાણ નહીં થાય. આજની ગ્રામ-સંસ્કૃતિનું નવસંસ્કરણ કરીને ગ્રામસ્વરાજના પાયા ઉપર જ અહિંસક સમાજરચના ઊભી કરી શકશે. સમસ્ત વ્યવસ્થા વિકેન્દ્રિત ઢબે ગોઠવ્યા વિના સમાજમાંથી હિંસાને સમૂળગી નેસ્તનાબૂદ ક્યારેય નહીં કરી શકાય.

(૧૩) આજની પાર્લમેન્ટરી રાજ્યવ્યવસ્થા આધુનિક સભ્યતાના જ અંગરૂપ છે. તેના દ્વારા ખરા અર્થમાં લોકોની, લોકો દ્વારા ચાલતી અને લોકો માટે ચાલતી રાજ્યવ્યવસ્થા આત્મનિર્ભર ગામડાંઓને આધારે રચાયેલી સામુહિક વર્તુળાકાર નૂતન સમાજરચના દ્વારા જ ઊભી કરી શકાશે.

(૧૪) શિક્ષણનો અર્થ કેવળ અક્ષરજ્ઞાનથી જ નથી. માત્ર અક્ષરજ્ઞાનથી આપણે માણસ નથી બનતા, આપણું કર્તવ્ય નથી જાણી શકતા. સૌથી પહેલાં તો ધર્મનું શિક્ષણ અપાવું જોઈએ. એ સાચું પ્રાથમિક શિક્ષણ છે. તેના પર જે ઈમારત ઊભી કરીશું, તે ટકી શકશે.

(૧૫) સુધારો એ વર્તન છે કે જેથી માણસ પોતાની ફરજ બજાવે. ફરજ બજાવવી એ નીતિ પાળવી તે છે. નીતિ પાળવી એ આપણા મનને તથા આપણી ઇન્દ્રિયો વશ રાખવી એ છે. એમ કરતાં આપણે આપણને ઓળખીએ છીએ. આ જ 'સુ' એટલે સારો ધારો છે. તેથી જે વિરુદ્ધ છે, તે કુધારો છે.

(૧૬) સર્વોદય દ્વેષધર્મની જગ્યાએ પ્રેમધર્મ શીખવે છે, હિંસાને સ્થાને આપભોગને મૂકે છે, પશુબળની સામે ટક્કર ઝીલવા આત્મબળને ખડું કરે છે.

## પાદનોંધ


1. કાન્તિ શાહ, સર્વોદયનાં ૧૦૦ વરસ, એક દ્રષ્ટિપાત, યજ્ઞ પ્રકાશન, વડોદરા પ્રથમ આવૃત્તિ, જુલાઈ, ૨૦૧૧, પૃ.૨૧
2. મો.ક ગાંધી., સત્યના પ્રયોગો અથવા આત્મકથા, નવજીવન પ્રકાશન, અમદાવાદ, ડિસેમ્બર, ૨૦૧૪, પૃ.૨૯૧
3. હરીજન બંધુ, તા. ૯-૮-૧૯૪૨, પૃ.૨૪૪
4. ગોવિંદભાઈ રાવલ, એક નામ-જયપ્રકાશ, નવજીવન મુરૂણાલય, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, નવેમ્બર, ૨૦૦૧, પૃ.૧૪.
5. એજન, પૃ.૩૪-૩૫
6. કાન્તિ શાહ, સર્વોદય આરોહણ, યજ્ઞ પ્રકાશન, વડોદરા પ્રથમ આવૃત્તિ, ફેબ્રુઆરી, ૨૦૦૫, પૃ.૬૮